## આપણી વચ્ચે નથી

એ ઉમળકો એ સહજતા આપણી વચ્ચે નથી,
લાગણીમય એ સરળતા આપણી વચ્ચે નથી.

આપણી વચ્ચે બધું આવી ગયું છે ત્યારથી,
એકતા કે એ અડગતા આપણી વચ્ચે નથી.

છે બધું યે એ જ એનું એ છતાં એવું નથી,
ટૂંકમાં એ દિલ ધબકતાં આપણી વચ્ચે નથી.

કેટલાં ખાબોચિયાં છાંટા ઉડાડી જાય છે,
એ હવે દરિયા ઉછળતા આપણી વચ્ચે નથી.

આપણે સૌ નામ મોટાં થૈ ગયાં છીએ છતાં,
કોઈ ઝંખેલી સફળતા આપણી વચ્ચે નથી.

પોતપોતાની તરફનું કેટલું મિસ્કીન ગણિત?
દ્વાર બે તરફી ઉઘડતાં આપણી વચ્ચે નથી.

## આપણી વચ્ચે શું શું આવી ગયું છે તેની યાદી લાંબી પણ શું શું નથી એ યાદી ખૂબ ટૂંકી છે...

જેમ જેમ સમય વીતતો જાય છે અને જેમ જેમ કહેવાતી 'સમજણ' વધતી જાય છે તેમ તેમ બધું એનું એ જ હોવા છતાં એવું રહેતું નથી, એવું લાગતું નથી. બે મિત્રો વચ્ચે, બે પ્રેમી વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, સમગ્ર સમાજ વચ્ચે અને આપણી અને આપણી વચ્ચે ઘણું બધું ખૂટી, ખોવાઈ ગયું લાગે છે. વચ્ચે શું શું આવી જાય છે કે વચ્ચે શું શું આવી ગયું હોય છે એની યાદી બનાવવા બેસીએ તો એ ખૂબ લાંબી થાય. પણ આપણી વચ્ચે હવે શું શું નથી કે શું શું ખૂટતું જાય છે એની યાદી કરવા બેસીએ તો કદાચ ટૂંકી થાય. વળી એ બદલી પણ શકાય છે, એ દૂર પણ કરી શકાય છે. લાગણીની દુનિયામાં મેં જોયું છે કે એક-બે શબ્દો ખસી જાય છે અને આખી ઇમારત તૂટી પડે છે. એક-બે શબ્દો લાગીણીની દુનિયામાં ઉમેરાઈ જાય છે અને અંદરથી બધું મજબૂત બની જાય છે. ગણતરીની દુનિયામાં ગણિતની વાત અલગ છે. એ દુનિયામાં તો બધા દરવાજા પોતાની તરફ જ ઉઘડતા હોય છે.

હવે આપણી વચ્ચે શું નથી એ વિચારીએ છીએ અને એટલી તો તરત ખબર પડી જાય છે કે એ સહજતા હવે નથી રહી. એ ધબકતાં હૃદય નથી રહ્યાં. આપણે પાંચમાં પૂછાતા થઈ ગયા છીએ, જે તે ક્ષેત્રના શિખર ઉપર પહોંચી ગયા છીએ છતાં આપણી પાસે આપણે ઝંખેલી કોઈ સફળતા છે જ નહીં. આપણી વચ્ચે એટલું બધું અને એવું એવું આવી ગયું છે કે હવે આપણી એકતા અને આપણી અડગતા વારંવાર ડગી જાય છે. 'આપણી વચ્ચે' એટલે શું? કદાચ હું અને મારી જાત સાથેની વાત છે. કદાચ આપણે અને આ આપણા સમાજની વાત છે કદાચ આપણાં બે હૃદયની વાત છે. સતત લાગ્યા કરે છે હવે પહેલાં જેવું નથી રહ્યું. હવે એવો સમય નથી રહ્યો. ખરેખર આપણી વચ્ચે જે ગુમાવાઈ જાય છે, જે નથી રહેતું, બસ એની જ વાત અહીં 'આપણી વચ્ચે નથી' રૂપે આવી.

## આ બધાથી બચી જા...

(તાઓ–તે–ચિંગ)

કોણે કે છે કે આ દુનિયાથી બચી જા,
માત્ર ક્ષણભંગુર સપનાથી બચી જા.

હોય જો પ્હોંચી જવું ભટક્યા વિના તો,
બ્હારના પ્રત્યેક રસ્તાથી બચી જા.

ને ખરેખર હોય જો પોકારવો તો,
આ બધા નામો ને પડઘાથી બચી જા.

તું ભરે પગલાં અને સર્જાય રસ્તો,
પારકા સૌ વ્યર્થ પગલાંથી બચી જા.

કોઈપંખી કોઈ ઝરણું તું ય લાગીશ,
આ બધી ઇચ્છા–મહેચ્છાથી બચી જા.

## લાઓત્સેની દુનિયામાં...
## પોતાના સુધી બહારના કોઈ રસ્તા જતા નથી...

તાઓ–તે–ચીંગ એ 2500 વર્ષ જૂની વાતો છે. લાઓત્સેનો જન્મ ઈ.સ. પૂર્વે 571માં થયો હતો. કોઈ કહે છે કે ઈ.સ. પૂર્વે 604માં ચીનના રચ્યુ પ્રદેશમાં થયો હતો. લાઓત્સે કન્ફ્યુશ્યિસના સમકાલીન હતા. લગભગ 90 વર્ષ જીવ્યા. 81 પૅરેગ્રાફમાં તાઓ–તે–ચીંગ લખાયું છે. સદ્ગુરુઓ કહે છે કે ઉપનિષદ, ધમ્મપદ, મહાવીર–વાણી, બાઇબલ, કુરાન, અવેસ્તાની કક્ષાના આ વચનો છે.

આ પુસ્તક કઈ રીતે જન્મ્યું તેની કથા રસપ્રદ છે. લાઓત્સેના તેમના અનુભવો વિષે લખવા માટે ચીનના રાજા, ત્યાંની પ્રજા, તેમના શિષ્યો ખૂબ વિનંતી કરતા હતા. પરંતુ તેમણે ક્યારેય એ તરફ ધ્યાન જ નહોતું આપ્યું. ધીરે ધીરે લોકોનો આગ્રહ ખૂબ વધી ગયો. એ ખૂબ જાણીતા થવા લાગ્યા અને એક રાત્રે ઘર, ગામ, શહેર અને આખો દેશ છોડીને ચાલ્યા જવાનો તેમણે વિચાર કર્યો. રાજાને આ વાતની ગંધ આવી ગઈ હતી. સરહદ ઉપર રાજાએ તેમને પકડાવી દીધા અને કહેવડાવ્યું કે જકાત ટૅક્સ ભર્યા વગર સરહદ પાર કઈ રીતે કરી શકાય? જકાતનાકા ઉપર દેશની સરહદેથી જકાત ચૂકવવાના ભાગરૂપે તેમને આ પુસ્તક લખી આપવું પડ્યું છે.

જો આ પુસ્તક લખી આપવું ન પડ્યું હોત તો? ચીનને, વિશ્વને ખબર જ ન પડી હોત કે આવો કોઈ સદ્ગુરુ થઈ ગયો. એ સદ્ગુરુના શબ્દો કેવા હશે? કે 81 પ્રકરણમાં લખાયેલું આ પુસ્તક વિશ્વની તમામ ભાષાઓમાં અનુવાદિત થયું છે. દુનિયાના મોટા ભાગના ચિંતકોએ તેના વિશે વાત કરી છે અને તેમણે સરહદ પાર કરવાની ક્ષણે છૂટકારો મેળવવા આ 81 પ્રકરણો લખી આપ્યા છે.

જો કે કોઈ એવું પણ કહે છે કે તે જ્યારે દેશ છોડી જવા માટે ચીનની સરહદ ઉપર પહોંચ્યા ત્યારે સરહદ પરના ચોકીદારે આવા મહાપુરુષ ફરી ન જોવા મળે તો? એ બીકે કહ્યું કે તમે મને તમારો ઉપદેશ લખીને આપો પછી જ તમને સરહદ પર જવા દઈશ. અમલદાર શિષ્યના પ્રેમાગ્રહને વશ થઈને જે ઉપદેશ વચનો લાઓત્સેએ લખી આપ્યા એ જ આજે મહાન ગ્રંથ તાઓ-તે-ચીંગ છે.

આ સમયગાળો જ આ પૃથ્વી ઉપર જાણે ઠેરઠેર સદ્ગુરુઓના અવતરણનો છે. લાઓત્સે (ઈ.સ. પૂર્વે 571) કન્ફ્યુશ્યિસ (ઈ.સ. પૂર્વે 551), બુદ્ધ (ઈ.સ. પૂર્વે 563), મહાવીર સ્વામી સૉક્રેટિસ, અષો જરથુષ્ટ્ર પણ આ જ સમયની આસપાસ જોવા મળે છે. દંતકથા એમ કહે છે કે લાઓત્સે અંતે સદેહે અનંતમાં વિલીન થઈ ગયા હતા.

સદેહે અનંતમાં વિલીન થઈ જવું એ સદ્ગુરુઓ માટે કોઈ નવી વાત નથી. કબીર સદેહે વિલીન થઈ જાય છે અને ફૂલોનો ઢગલો મળે છે. મીરાંબાઈ સદેહે વિલીન થઈ જાય છે અને કહેવાય છે કે લઘિમા-અણિમા સિદ્ધિને કારણે દ્વારકામાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયા છે. આટલી પૂર્વભૂમિકા રૂપે વાત કરવી જરૂરી જણાઈ છે.

"બચી જા" આ ગઝલ લાઓત્સેના પહેલા પ્રકરણના આધારે સંપૂર્ણ તેની અસરમાં અને સંસ્કારમાં લખાઈ છે. આ જીવ્યો પણ છું. બાળપણથી સંસારમાં મન તો નહોતું જ. પરંતુ આ સંસાર અને સૃષ્ટિ બેય અલગ નથી લાગ્યાં. માયાની નજરે આ સંસાર છે. સંસાર અને સૃષ્ટિ એક જ દુનિયાના બે અલગઅલગ દૃષ્ટિએ બોલાયેલાં નામ છે. આ દુનિયાથી બચીને ચાલવાનું નથી દુનિયા છોડીને ક્યાં જશો? હા, માત્ર જે વારેઘડીએ રડાવે છે એ ક્ષણભંગુર સપનાઓથી બચીને ચાલવાનું છે.

જો ક્યાંય ભટક્યા વિના પહોંચી જવું હોય તો આ બહારના રસ્તાઓથી બચીને ચાલવાની જરૂર છે. આવો જ ચોથો શેર છે. તેમાં લખ્યું છે કે તું પગલું ભરે અને તારો રસ્તો બને એ રસ્તો સાચો. પારકા, વ્યર્થ પગલાંઓથી બચીને જીવવાનું છે. અહીં રસ્તા અને પગલાં વિશે થોડીક વાત કહેવી જરૂરી લાગે છે. રસ્તો એટલે જેનાં દ્વારા ક્યાંક પહોંચી શકાય. રસ્તો એટલે જે મંઝિલ સાથે જોડી દે તે. મંજિલ એ ખરેખર તો રસ્તાનો એક છેડો જ છે. રસ્તો અને મંઝિલ જુદાં નથી હોતાં. રસ્તા વગર મંઝિલ ના હોય અને મંઝિલ વગરનો રસ્તો ના હોય. પ્રત્યેક રસ્તો ક્યાંક પહોંચાડતો જ હોય છે. પણ એક એવોય રસ્તો છે જ્યાં ઊભા રહેવાથી જ પહોંચી જવાય છે અને તે ભીતરનો રસ્તો છે.

બધા જ પારકાં પગલાંઓથી બચીને ચાલવાનું છે. બધા જ રસ્તા પર પગલાંની છાપ પડે છે અને એ પગલાંને લીધે પાછળ ચાલનારાઓને સુવિધા થઈ જાય છે. તમારી ભીતર પહોંચવાનો તમારો રસ્તો કોઈ બીજા માણસ તમારા માટે બનાવે એ ન જ ચાલે. તમે ચાલતા જાવ છો અને તમે જ તમારો રસ્તો કંડારતા જાવ છો. તમારા રસ્તાનું નિર્માણ તમે જ કરો છો. પારકાં પગલાં જોઈને કે પારકાં પગલાં પૂજીને તમે જેટલું ચાલશો એટલાં ભટકી જ જશો, અને એટલાં તમે તમારા પોતાનાથી દૂર ને દૂર થતા જશો. જે માણસ પોતાને શોધવા માટે કોઈ બીજાના રસ્તે ચાલે તે માણસ ક્યારેય પોતાને પામી ના શકે. જે પોતાને શોધવા નીકળ્યો છે તેણે બહારના બધા જ રસ્તા છોડી દેવા પડશે. કારણકે પોતાના સુધી બહારના કોઈ રસ્તા જતા નથી.

ને ખરેખર જો એ પરમને પોકાર પાડવો હોય તો કોઈપણ નામ અને તેના પડઘાથી પણ બચી જવાની જરૂર છે. આપણે ત્યાં તો કહેવત છે કે 'નામ તેનો